
જુલાઈ ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-


દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# સમર્પણ

## સંપાદકીય



બાળમિત્રો,

સમર્પણ શબ્દ કદાચ તમારા માટે નવો અને સમજવા માટે અઘરો હશે, ખરું ને ? સાદી ભાષામાં કહીએ તો સમર્પણ એટલે આપણે સમર્પણ થયા હોઈએ, એના ઉપર સંપૂર્ણ વિશ્વાસ. એ જે કહે, જે કરે, એમાં પોતાની બુદ્ધિ જરાય ન વાપરે અને પૂરી શ્રદ્ધા સાથે કહ્યા પ્રમાણે કરે, એનું નામ સમર્પણ.

તો આવો, આ અંકમાં આપણે સમર્પણને વિગતવાર સમજીએ. એનું મહત્વ ઓળખી આપણે પણ ભગવાનને કે ગુરુને સંપૂર્ણ સમર્પણ થઈએ.

- ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૧૧
સળંગ અંક : ૯૫
જૂલાઈ ૨૦૧૬



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : ભગવાનને બધું સમર્પણ કરીને રહેવું, એ સાચો ને સુખી થવાનો માર્ગ છે ને ?

દાદાશ્રી : હા, પણ ભગવાનને સમર્પણ કરીને કોઈ રહેલો જ નહીં આ દુનિયામાં ! મોઢે બોલે ખરાં કે ભગવાનને સમર્પણ, પણ સમર્પણ હોય ત્યાં દુઃખ શેનું ?

## સદ્‌ગુરુને સર્વ સમર્પણ

પ્રશ્નકર્તા : સદ્‌ગુરૂની ભક્તિ એકલી જ હોવી જોઈએ, એ જ કહેવા માંગો છો ને ?

દાદાશ્રી : અર્પણતા જોઈએ બધી.

પ્રશ્નકર્તા : સદ્‌ગુરૂ પ્રત્યે પૂરેપૂરા સમર્પણ ભાવથી રહે તો ?

દાદાશ્રી : તો કામ થઈ જાય. સમર્પણભાવ હોય તો બધું કામ થઈ જાય. પછી કશું બાકી રહે જ નહીં. પણ મન-વચન-કાયાનું સમર્પણ જોઈએ.

પ્રશ્નકર્તા : એવું સમર્પણ તો કૃષ્ણ ભગવાન કે મહાવીર ભગવાનની કક્ષાના હોય તો જ એ સમર્થ કહેવાયને ? પછી ગમે તે સાધારણને કરીએ તોય ચાલે ?!

દાદાશ્રી : એ તો તમને આમ વિરાટ પુરૂષ લાગે તો કરવું. તમને લાગે કે આ મહાન પુરૂષ છે અને એમનાં કાર્યો બધાં એવાં વિરાટ લાગે, તો આપણે એમને સમર્પણ કરવું.

પ્રશ્નકર્તા : જે મહાન પુરૂષો હજારો વર્ષ પૂર્વે થઈ ગયેલા છે, એમને આપણે સમર્પણ કરીએ, તો એ સમર્પણ કરેલું કહેવાય ? અથવા એનાથી આપણો વિકાસ થાય ખરો ? કે પ્રત્યક્ષ મહાપુરૂષ જ જોઈએ ?

દાદાશ્રી : પરોક્ષથી પણ વિકાસ થાય અને પ્રત્યક્ષ મળે તો તો કલ્યાણ જ થઈ જાય. પરોક્ષ વિકાસનું ફળ આપે અને કલ્યાણ પ્રત્યક્ષ વગર નથી.

સમર્પણ ભાવ એ જ ભક્તિ છે. જ્ઞાનપૂર્વકનું સમર્પણ એ બહુ ઊંચી ભક્તિ છે. અજ્ઞાનપૂર્વકનું સમર્પણ કર્યુ હોય તોય એ ભક્તિ કહેવાય.

જ્ઞાની પુરૂષ નું જે થાવ તે મારું થાવ - એનું નામ સમર્પણ ભાવ. એટલે કે પોતાનો છેડો તેમનાથી છૂટો જ ના પડવા દે, જોડેલો ને જોડેલો જ રાખે, છૂટો પડે તો ઊંધો પડે ને ? માટે જ્ઞાનીની જોડે જ પોતાનો છેડો જોડેલો રાખવો.

પ્રશ્નકર્તા : ભક્તિ માર્ગમાં જોખમદારી કોના પર, ભગવાન ઉપર ?

દાદાશ્રી : હા. ખરો ભક્ત ક્યારે કહેવાય ? એકેય સંકલ્પ-વિકલ્પ કરે નહીં ત્યારે. એ શું કહે કે સંકલ્પ-વિકલ્પ ભગવાન કરે, બધું ભગવાન પર છોડે. જ્યારે આ તો છોકરો પૈણાવે, ત્યારે પોતે પૈણાવે અને જન્મે ત્યારે પેંડા વહેંચે, ને છોકરો મરી જાય ત્યારે ભગવાને માર્યો કહેશે ! ખરો ભક્ત તો બધું ભગવાન પર છોડી દે. એ શું કહે, 'ભગવાન, મારે શું ? ભગવાન તારી લાજ જાય છે.' એવી ભક્તિ મળવી મુશ્કેલ છે.




તમે જેને બુદ્ધિ સમર્પણ કરો, તેનામાં જે તાકાત હોય, એ આપણને પ્રાપ્ત થઈ જાય. સમર્પણ કર્યું એનું બધું આપણને પ્રાપ્ત થાય.

# આ તો નવી





સમર્પણ કર્યા પછી આપણે કશું કરવાનું ના હોય. બાળક આપણે ત્યાં જન્મ્યો એટલે બાળકને કશું કરવાનું ના હોય, એમ સમર્પણ કર્યા પછી આપણે કશું કરવાનું ના હોય.


સમર્પણ કોને કરવું ? જે
આપણી 'ઠેઠ' સુધીની
જવાબદારી લે તેને, જે
તથારૂપ હોય તેને
સમર્પણ કરવું.
જ વાત !
ભગવાનને સમર્પણ
કરેલું હોય, તો એને
કોઈ દુઃખ હોય નહીં.

સીતાજીના પિતા, જનક રાજાને સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના હતી. રાજાએ પોતાના દરબારમાં મહાત્માઓ, ઋષિઓ અને વિદ્વાનોને આમંત્રિત કર્યા.


"મને આત્મજ્ઞાનનો સ્વાદ કોણ ચખાડી શકે ?" દરબારમાં ઉપસ્થિત મહાનુભાવોને જનક રાજાએ પ્રશ્ન કર્યો.

સૌ મૌન રહ્યા. અચાનક એક ઋષિ દરબારમાં પ્રવેશ્યા. ઋષિનું શરીર સાવ કઢંગુ હતું. એમને જોઈને, આખી સભા એમના પર હસવા લાગી.

ઋષિ બોલ્યા, "જો આ ખરી વિદ્વાનોની સભા હોત, તો મારા બાહ્ય દેખાવની નોંધ કોઈએ ના કરી હોત."

જનક રાજાને લાગ્યું કે આ કોઈ સાધારણ ઋષિ નથી. એમનું નામ હતું અષ્ટવક્ર, એટલે કે જેના આઠે અંગ વાંકા છે.

રાજાએ ઋષિને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવાની વિનંતી કરી.



# જનક રાજાનું સમર્પણ

**"મને આત્મજ્ઞાનનો સ્વાદ કોણ ચખાડી શકે ?"**

"તો રાજન, આપ હવે સિંહાસન છોડી નીચે આવો અને જોડાં પાસે જઈને બેસો." ઋષિએ આજ્ઞા કરી."

"રાજન ! પહેલા નક્કી કરો કે તમે ખરેખર આત્મજ્ઞાન ઈચ્છો છો ?" અષ્ટવક્ર ઋષિએ જનક રાજાને પૂછ્યું.

"મારા મનમાં કોઈ જ શંકા નથી", રાજાએ જવાબ આપ્યો. "સાચા હૃદયથી હું આત્મજ્ઞાનનો અનુભવ ઝંખુ છું."

"શું આત્મજ્ઞાન મેળવવા તમે કોઈ પણ કિંમત ચૂકવવા તૈયાર છો ?" ઋષિ રાજાની પરીક્ષા લઈ રહ્યા હતા.

"હા, જે માંગો તે આપવા તૈયાર છું," રાજાએ જવાબ આપ્યો.

"શાંતિથી વિચારીને મને આ પ્રશ્નનો ઉત્તર આપો. શું તમે મને તમારું તન, મન અને ધન સમર્પણ કરી શકો ?" ઋષિએ પૂછ્યું.

સહેજ પણ વિલંબ કર્યા વગર રાજાએ જવાબ આપ્યો, "હા, જરૂર. હું રાજીખુશીથી મારું તન, મન, અને ધન આપને સમર્પણ કરવા તૈયાર છું."

રાજાની પ્રબળ ઈચ્છા જોઈને ઋષિ પ્રસન્ન થયા.

"તો રાજન, આપ હવે સિંહાસન છોડી નીચે આવો અને જોડાં પાસે જઈને બેસો." ઋષિએ આજ્ઞા કરી.

આ સાંભળી રાજાને આંચકો લાગ્યો. પણ તે જ ક્ષણે એમને ભાન થયું કે એમણે તો એમનું બધું જ સમર્પણ કરી દીધું છે. તો પછી એમનું પોતાનું માન જાળવવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

તરત જ તેઓ સિંહાસન છોડીને જોડા પાસે આવીને બેઠાં. માન અને પ્રતિષ્ઠા, આધ્યાત્મ માર્ગમાં બાધક બને છે. રાજાનું માન ઓગાળવા ઋષિએ રાજાને આવી આજ્ઞા કરી હતી.


"રાજન ! તમે તમારું મન પણ મને સમર્પી દીધું છે. માટે આ સંપત્તિના વિચારો છોડી દો. તેના પર હવે મારી માલિકી છે." ઋષિએ રાજાને ટકોર કરી.

તે સમયે, હકીકતમાં રાજા, ધન-સંપત્તિ, રાજ્ય અને પરિવાર વિષે વિચારી રહ્યા હતા. ઋષિની આજ્ઞા પ્રમાણે રાજાએ સમગ્ર સંસારિક વસ્તુઓમાંથી ધ્યાન પાછું ખેંચી લઈ પોતાની અંદર જ પરોવ્યું.

આમ જનક રાજાએ, અષ્ટવક્ર ઋષિને પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને ઋષિનો રાજીપો પ્રાપ્ત કર્યો. ઋષિની એક કૃપા દૃષ્ટિથી રાજાએ દિવ્ય આનંદની અનુભૂતિ કરી. આત્માનું સાચું સુખ ચાખ્યું.

"હે રાજન, હું તમને તમારા તન, મન અને ધન પાછા સોંપું છું. મારા વતી, એમની દેખરેખ રાખજો." એમ કહી અષ્ટવક્ર ઋષિએ રાજાની વિદાય લીધી.

અને આમ, જનક રાજાએ પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને, સર્વસ્વ પ્રાપ્ત કર્યું.



ભાઈ મંઝનું જીવન ગુરૂ પ્રત્યેનું સમર્પણનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેઓ શીખ ગુરૂ અર્જનના શિષ્ય હતા.

ભાઈ મંઝ ભક્તિભાવવાળા એક શ્રીમંત જમીનદાર હતા. એક દિવસ ભાઈ મંઝે ગુરૂ અર્જનનું પ્રવચન સાંભળ્યું અને તેઓ ગુરૂ અર્જનથી ખૂબ પ્રભાવિત થયા. મંઝે ગુરૂ અર્જનને મનોમન પોતાના ગુરૂ તરીકે સ્વીકારી લીધા. પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની વિનંતી લઈને મંઝ ગુરૂ અર્જન પાસે ગયા.

ગુરૂ અર્જને ભાઈ મંઝની પરીક્ષા લેવા ખાતર કહ્યું, "મારા શિષ્ય બનવા માંગતા હો, તો તમારો પૂજા ગૃહ તોડી નાખો."

ગુરૂની આજ્ઞા માથે રાખી, મંઝ ઘરે જઈ ઓરડી તોડવા લાગ્યા. આ જોઈ, એમના હિતેચ્છુઓએ મંઝને રોકવાની કોશિશ કરી, "ભાઈ મંઝ, આવું કરવાથી તમારા પરિવાર પર મહામુસીબતો આવશે." ભાઈ મંઝે જવાબ આપ્યો, "આ મારા ગુરૂની આજ્ઞા થઈ છે. એનું પાલન કરતા, મારે જે પરિણામ ભોગવવા પડે, એનાં માટે હું તૈયાર છું."

ગુરૂ અર્જને જ્યારે જાણ્યું કે ભાઈ મંઝે જરીક પણ શંકા રાખ્યા વગર આજ્ઞાનું પાલન કર્યું છે, ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થયા અને ભાઈ મંઝ પર કૃપા વરસાવી.

ટૂંક જ સમયમાં, ભાઈ મંઝ પર મુસીબતોના પહાડ તૂટી પડ્યા. એમના ઘોડા મૃત્યુ પામ્યા, ઘરમાં ચોરી અને તોડફોડ થઈ.

એક શ્રીમંત જમીનદારમાંથી તેઓ એક ગરીબ દેવાદાર બની ગયા. ગામના લોકો ભાઈ મંઝને ટોણા મારવા લાગ્યા, "જોયું તમારા કૃત્યનું પરિણામ, પૂજા ગૃહ

# જોખમદારી કોની ?

તોડવાનું આ પરિણામ આવ્યું છે."

પણ ગામના લોકોની વાતોની અસર ભાઈ મંઝ પર ના પડી. મુશ્કેલીના સમયમાં એમની ગુરૂભક્તિ અને શ્રદ્ધા બિલકુલ ના ડગી.

આજીવિકા શોધવા માટે ભાઈ મંઝ પોતાની પત્ની અને બાળકોને લઈને બીજે ગામ ગયા. ઘણા મહિના પસાર થયા. એક દિવસ ગુરૂ અર્જને તેમના એક શિષ્ય મારફતે ભાઈ મંઝને એક પત્ર મોકલ્યો અને સાથે એક સૂચના આપી, "ભાઈ મંઝ જો ૨૦ રૂપિયા આપે તો જ આ પત્ર એમના હાથમાં આપજો."

ગુરૂનો પત્ર જોઈને ભાઈ મંઝ બેહદ ખુશ થયા, પણ ૨૦ રૂપિયાની વ્યવસ્થા કેવી રીતે કરવી? તેમની આકરી કસોટી જોઈ, તેમના પત્નીએ કહ્યું, "ચિંતા કરશો નહીં, ઘરેણાં વેચીને ૨૦ રૂપિયા મળી જશે." સોનીએ ઘરેણાંના બરાબર ૨૦ રૂપિયા આપ્યા, જે શિષ્યના હાથમાં આપી, મંઝે ગુરૂનો પત્ર સ્વીકાર્યો. ભાઈ મંઝે પત્રને ચૂમી લીધો અને હૃદયથી ચાંપીને પોતાના ગુરૂના વિરહમાં ખૂબ રડ્યા.

થોડા સમય બાદ ગુરૂએ મંઝને આશ્રમ આવવાનો સંદેશ મોકલાવ્યો. મંઝની ખુશીનો

પાર ના રહ્યો. જરાય વિલંબ કર્યા વગર, તેઓ પોતાની પત્ની અને પુત્રીને લઈને આશ્રમ પહોંચ્યા. આશ્રમમાં તેમને વાસણ સાફ કરવાની અને રસોડા માટે લાકડા કાપી લાવવાની સેવા સોંપવામાં આવી.

જેમ એક મૂર્તિકાર મૂર્તિને ટાંકણા મારીને ઘડી રહ્યો હોય, તેમ ગુરૂ અર્જન પણ પોતાના શિષ્યને ઘડી રહ્યા હતા. પણ ખૂબીની વાત એ હતી કે ભાઈ મંઝનું ગુરૂ પ્રત્યેનું સમર્પણ એવું અદ્દ્ભૂત હતું કે ગુરૂ પાસેથી જે પણ ટપલા પડતા, તે પોતાના હિત માટે જ છે એમ સમજીને, તેઓ કદી ગુરૂ સાથે ભેદ પડવા નહોતા દેતા.

જ્યારે ગુરૂ અર્જને જાણ્યું કે ભાઈ મંઝ અને તેમનો પરિવાર આશ્રમની ભોજનશાળામાં જમે છે, ત્યારે ભાઈ મંઝની પરીક્ષા લેવા ખાતર ગુરૂએ ભાઈ મંઝને કહેવડાવ્યું કે "સેવાના બદલામાં ભોજન કરો, તો એ ખરી સેવા ના ગણાય."

ગુરૂની વાત દિલથી સ્વીકારીને મંઝે પોતાના પરિવારના ભોજન માટે બીજી વ્યવસ્થા કરી. આખા દિવસની સેવા બાદ, પરિવારના ભોજન માટે તેઓ મજૂરી કરીને પૈસા કમાવવા લાગ્યા.


એક સાંજે, જ્યારે ભાઈ મંઝ આશ્રમના રસોડા માટે લાકડા કાપીને પાછા ફરી રહ્યા હતા, ત્યારે ખૂબ જોરથી વાવાઝોડું ફૂંકાયું. પવનના વેગથી મંઝ કૂવામાં પડી ગયા.

ગુરૂ અર્જનને પોતાના શિષ્યની મુશ્કેલીનો અણસાર આવી ગયો. તેમણે દોરડું અને પાટીયું મંગાવ્યું અને બીજા શિષ્યોને લઈને કૂવા પાસે પહોંચ્યા.

"આ પાટિયાને દોરડા સાથે બાંધીને નીચે ફેંકો અને ભાઈ મંઝને ઉપર ખેંચી લો," ગુરૂએ શિષ્યને સૂચના આપી, અને ધીમેથી કાનમાં કંઈક કહ્યું.

ગુરૂના કહ્યા પ્રમાણે શિષ્યે, ભાઈ મંઝને મોટા અવાજે કહ્યું, "હું તમને દોરડું ફેંકુ છું. એ પકડીને ઉપર આવી જાવ. પણ, ભાઈ તમારી હાલત તો જુઓ ! આવા ક્રૂર ગુરૂને શું કામ અનુસરો છો ? શા માટે એમને છોડી નથી દેતા ?"

ગુરૂ માટે એકપણ અવળો શબ્દ સાંભળવો ભાઈ મંઝને મંજૂર નહોતો, "મારા ગુરૂને ક્રૂર કહેવાની તમારી હિંમત કેવી રીતે થઈ ! મારા ગુરૂ મારું સર્વસ્વ છે. મારી હાજરીમાં ફરી ક્યારેય આવા અપમાનજનક શબ્દ મારા ગુરૂ માટે ના બોલશો."



શિષ્યે ભાઈ મંઝને કૂવામાંથી બહાર કાઢ્યા. ગુરૂને સામે જોઈને, ભાઈ મંઝ ગદ્ ગદ્ બની ગયા.

ગુરૂ બોલ્યા, "ભાઈ મંઝ, હું તમારાથી ખૂબ જ રાજી છું. કસોટીઓ વખતે તમારી શ્રદ્ધા કે સમર્પણમાં સહેજ પણ કમી નથી આવી. તમે જે વરદાન માંગો એ આપવા તૈયાર છું."

ભાઈ મંઝની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ગુરૂના ચરણો પકડી, ભાઈ મંઝ બોલ્યા, "હું શું વરદાન માંગુ પ્રભુ ? તમારા કરતા વધુ પ્રિય મને આ જગતમાં બીજું કશું જ નથી.

અને આમ, મુશ્કેલીના સમયે ગુરૂએ પોતાના શિષ્યને રક્ષણ આપ્યું અને મુશ્કેલીમાંથી તાર્યા. પોતાના અદ્દ્ભૂત સમર્પણ ભાવને કારણે ભાઈ મંઝ ગુરૂ અર્જનના કૃપાપાત્ર બની ગયા. ગુરૂ પાસેથી શક્તિઓ મેળવીને તેમણે લોક-કલ્યાણનું ખૂબ મોટું કામ કર્યું.



# સમર્પણ થકી રક્ષણ

પ્રાચીન સમયમાં, બેબીલોનમાં ડેનિયલ નામનો એક વ્યક્તિ ઈશ્વર પર ખૂબ શ્રદ્ધા ધરાવતો. ડેનિયલે પોતાની પ્રમાણિકતા અને કુશળતાથી તે સમયના રાજા ડેરિયસનું દિલ જીતી લીધું હતું.

રાજા ડેરિયસ, ડેનિયલને પોતાનો મિત્ર માનતા. ડેનિયલની કુશળતા જોઈને, રાજાએ તેમને દેશના વડા અધિકારી તરીકે નીમ્યા. રાજાના અન્ય અધિકારીઓને ડેનિયલની ઈર્ષ્યા થઈ. ડેનિયલને નીચો પાડવાની શોધમાં તેઓ રહેવા લાગ્યા. પણ ડેનિયલની ઈશ્વર ભક્તિ હંમેશા તેનું રક્ષણ કરતી, અને અધિકારીઓના પ્રયાસો નિષ્ફળ જતા.

આખરે એક દિવસ, એક અધિકારીને એક યુક્તિ સૂઝી. એણે બીજા અધિકારીને કહ્યું, "આપણે કોઈ એવું કારણ નથી શોધી શક્યા કે જેથી રાજા, ડેનિયલને કાઢી મૂકે. હવે એક જ રસ્તો છે. જો ડેનિયલ, રાજાના હુકમનો અનાદર કરે તો રાજા એને ચોક્કસ કાઢી મૂકશે."

બીજો અધિકારી બોલ્યો, "પણ એવું કેવી રીતે કરાવવું"

જો રાજા એના ઈશ્વર વિરુદ્ધ કાયદો બનાવે તો... અધિકારીએ પોતાની યુક્તિ કહી. એકબીજાને જોઈએ બંને લુચ્ચું હસ્યા, અને રાજા પાસે પહોંચ્યા.

રાજા ડેરિયસ ભારે માની હતા. એમનું માન પોષાય તે રીતે અધિકારીએ રાજાને કહ્યું, હે મહાન રાજા તમે એવા સમર્થ છો કે તમારા સિવાય, રાજ્યમાં કોઈએ અન્યની ભક્તિ કરવી જ ના જોઈએ.

આ સાંભળી રાજા ખુશ થયા.

જે વ્યક્તિ તમારા સિવાય કોઈ અન્યની ભક્તિ કરે, તો તેને સિંહની ગુફામાં ધકેલી દેવો જોઈએ. અધિકારીએ રાજાની ખુશીમાં ઉમેરો કર્યો.

ખરું કહે છે બીજા અધિકારીએ વાતમાં સુર પુરાવ્યો, સાચું કહ્યું રાજાજી, પ્રજા આ વાત સ્વીકારે તે માટે તમારે આવો કાયદો બનાવી રાજ્યમાં જાહેર કરવો જોઈએ.

પોતાની આવી પ્રશંસા સાંભળી રાજા ઉત્સાહમાં આવી ગયા અને ભાન ભૂલીને આ કાયદા ઉપર મોહર લગાવી આપી. આ કાયદા વિષે ડેનિયલને જાણ કરવામાં ના આવી.

કાયદા વિષે જાણ્યા બાદ પણ ડેનિયલે પોતાના

નિત્યક્રમ મુજબ ઈશ્વરને પ્રાર્થનાઓ ચાલું જ રાખી.

એક દિવસ પ્રાર્થનાના સમયે, અધિકારીઓએ ડેનિયલને પ્રાર્થના કરતા પકડી લીધા અને રાજા પાસે તેડી ગયા.

ડેનિયલે તમારા આદેશની અવગણના કરી છે. દિવસમાં ત્રણ વાર તે પોતાના ઈશ્વરને નમીને પ્રાર્થના કરે છે. કાયદાનો ઉલ્લંઘન કરવા બદલ, ડેનિયલને સજા થવી જોઈએ, અધિકારીએ રાજાને નિવેદન કર્યું.

આ સાંભળી રાજા ડેરિયસ ઉદાસ થઈ ગયા. ડેનિયલ તો એમને ખૂબ જ પ્રિય હતો. ડેનિયલને સિંહોની ગુફામાં ફેંકવામાં ન આવે, એ માટે રાજાએ કાયદો બદલવા વિચાર કર્યો. પણ, અધિકારીઓએ વિરોધ કર્યો, મોહર લાગેલા કાયદાનું પાલન થવું જ જોઈએ, એમ કહીને એમણે રાજાને ડેનિયલની સજા માટે સહમત કર્યા.

સિપાહીઓએ ડેનિયલને સિંહોની ગુફામાં ધકેલ્યો.

આખી રાત રાજાએ બેચેનીમાં ગાળી. ડેનિયલની ચિંતામાં તેઓ એક ક્ષણ વાર પણ ઊંઘી ના શક્યા.

સૂર્યોદય થતા જ રાજા સિપાહીઓને લઈને ગુફા પાસે આવ્યા. ડેનિયલનો જવાબ મળશે કે નહીં! એ વિચારે, ભારી હૃદયે રાજા એ ગુફા પાસે જઈને પૂછ્યું, "ડેનિયલ, શું તારા ઈશ્વરે તારી રક્ષા કરી?"

થોડી ક્ષણો ચૂપકીદી રહી. અને પછી ડેનિયલનો અવાજ આવ્યો, "હે રાજન! મારા ઈશ્વરે મારી રક્ષા કરી. એમની કૃપાથી સિંહોએ મને સહેજ પણ નુકસાન નથી પહોંચાડ્યું."

ડેનિયલ ઈશ્વરનો આશ્રિત હતો અને તેથી જ તેના અવાજમાં એક નિર્ભયતા હતી. જે ભગવાનને સાચા દિલથી સમર્પણ હોય, તેને કશો પણ ભડકાટ ક્યાંથી હોય?

ડેનિયલનો અવાજ સાંભળીને રાજા ખુશીથી ઉછળી પડ્યા. ડેનિયલને બહાર કાઢવાનો આદેશ આપ્યો. ગુફાની અંદર જ્યારે ડેનિયલને લેવા ગયા, ત્યારે સિપાહીઓએ જોયું કે સિંહો પોતાનો હિંસક સ્વભાવ ભૂલીને શાંતિથી બેઠાં હતા.

રાજાને પોતાની ભૂલ સમજાઈ. તે દિવસે એમણે જાહેરાત કરી, "ડેનિયલના ઈશ્વર મહાન છે. એમની મહાનતા સ્વીકારી, આપણે સહુ એમની જ ભક્તિ કરીએ!"

તો જોયું મિત્રો, સાચા દિલના સમર્પણનો પાવર કેવો અદ્ભૂત હોય છે. ડેનિયલ સાચો ભક્ત હતો, અને તેથી જ ભગવાન પર બધું છોડીને, હિંસક સિંહોની વચ્ચે પણ નિર્ભય રહી શક્યો.



# ગામેગામ યોજાયેલ સમર કેમ્પની એક ઝલક

## સીમંધર સીટી



## રાજકોટ

# રાજકોટ















'માનવ સે મહામાનવ' હિન્દી નોવેલ બુકનું ઓપનીંગ કરતા પૂજ્યશ્રી



# ઈશ્વરની કૃપા


એક વખત એક ગામડામાં, એક વૃદ્ધ ખેડૂત પોતાનાં એકના એક પુત્ર સાથે રહેતો હતો.
તેમની પાસે જમીનનો એક ટુકડો, એક ગાય તેમ જ એક ઘોડો હતો. તેમાં જ તેઓ પોતાનું ગુજરાન ચલાવતા.
એક વખત એમનો ઘોડો ભાગી ગયો. બંને બાપ-દિકરો ઘોડાને શોધવા માટે ખૂબ ફર્યા, પણ ઘોડો મળ્યો નહીં.
ગ્રામજનો ખેડૂતને આશ્વાસન આપવા લાગ્યા.
ભગવાન તમારા પર ખૂબ ક્રૂર થયો છે. કેટલું ખરાબ થયું.
આ તેમની કૃપા પણ હોઈ શકે. ખેડૂતે શાંતિથી જવાબ આપ્યો.
બે દિવસ પછી ઘોડો પાછો ઘરે આવ્યો. એની પાછળ પાછળ બીજા ચાર સુંદર અને મજબૂત ઘોડા દોરાતા આવ્યા. ખેડૂતોને તો પાંચ ઘોડા મળ્યા.


આ તો અદ્‌ભૂત કહેવાય. તમે તો બહુ નસીબદાર છો.
આ પણ ભગવાનની કૃપા જ કહેવાય.
બીજા દિવસે ખેડૂત પુત્ર એક જંગલી ઘોડાને તપાસવા માટે તેના પર સવાર થયો, પરંતુ એ નીચે પટકાયો અને એનો પગ ભાંગ્યો.
આ ઘોડા તમારા માટે ખૂબ ખરાબ નસીબ લઈને આવ્યા છે. એમના આવતાં જ તમારા છોકરાનો પગ ભાંગ્યો.
આ પણ ભગવાનની કૃપા જ હોવી જોઈએ.
થોડાક દિવસો પછી, રાજાના સૈનિકો એ ગામમાં ફરી વળ્યા. તેઓ ગામના યુવાનોને ફરજીયાત સેનામાં ભરતી કરવા લઈ ગયા.










**જોયું મિત્રો, કોઈ પણ પરિણામને ઈશ્વરની કૃપા ગણવી એ એના પ્રત્યેનું સમર્પણ દર્શાવે છે.**

# બુદ્ધિનું સમર્પણ

એક દિવસ કબીરજીના ભક્તોએ કબીરજીને સવાલ કર્યો, "સાચો શિષ્ય કોણ કહેવાય?"

કબીરજીએ પોતાના શિષ્ય કમાલને બોલાવ્યો અને કહ્યું, "કામ કરતા મારી કાંતવાની ચકરડી ક્યાંક પડી ગઈ છે. શોધવા માટે મને એક દીવો લાવી આપો."

દિવસનો સમય હતો અને ભર અજવાળું હતું. છતાંય, એક પણ સવાલ કર્યા વગર કમાલ દીવો લઈ આવ્યા.

"કમાલ, આજે ઘણા ભક્તો બપોરના ભોજન માટે અહીં આવશે. થોડી મીઠાઈ તૈયાર કરો અને તેમાં મીઠું ઉમેરજો," કબીરે જણાવ્યું. કમાલે સૂચનાનું બરાબર પાલન કર્યું.

ભક્તો તરફ જોઈ વળી કબીરે કહ્યું, "જૂઓ, કમાલ પોતાની બુદ્ધિ વાપરે, તો શું એ મારી સૂચનાઓનું પાલન કરી શકે? કમાલે એમની બુદ્ધિ મને સમર્પણ કરી દીધી છે અને તેથી જ તેઓ નિષ્ઠાપૂર્વક, મારી સૂચનાઓનું પાલન કરી શક્યા."


ભક્તોને એમના પ્રશ્નનો ઉત્તર મળી ગયો કે સાચો શિષ્ય એ જ કહેવાય જે પોતાના સદ્‌ગુરૂને બુદ્ધિ સમર્પણ કરી દે.

**"દિવસનો સમય હતો અને ભર અજવાળું હતું. છતાંય, એક પણ સવાલ કર્યા વગર કમાલ દીવો લઈ આવ્યા."**



# ચાલો રમીએ...

**નીચેના ચિત્રમાં ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો.**



# અને છેલ્લે છેલ્લે...



શ્રીકૃષ્ણની વાંસળીની આ એક સુંદર વાર્તા છે. શ્રીકૃષ્ણ દરરોજ બગીચામાં જતા અને બધા છોડને કહેતા, "હું તમને બધાને બહુ પ્રેમ કરું છું."

આ સાંભળી બધા છોડ ખૂબ ખુશ થઈ જતા અને પ્રતિભાવમાં કહેતા કે, "હે કૃષ્ણ, અમે પણ તમને ખૂબ પ્રેમ કરીએ છીએ."

એક દિવસ શ્રીકૃષ્ણ બગીચામાં વાંસના છોડ પાસે ગયા. તેઓ ચિંતિત જણાતા હતા. તેમને ચિંતામાં જોઈ વાંસના છોડે તેમને પૂછ્યું, "હે કૃષ્ણ, તમને શું થયું? કેમ ચિંતામાં છો?"

કૃષ્ણએ કહ્યું, "મારે તારી પાસેથી કંઈક જોઈએ છે. તું મને આપીશ?

વાંસે કહ્યું, "ચોક્કસ, કેમ નહીં?"

કૃષ્ણએ કહ્યું, "પણ એ આપવું બહુ અઘરું છે."

વાંસે કહ્યું, "મને જણાવો. જો મારાથી શક્ય હશે તો હું તમને આપીશ."

કૃષ્ણએ કહ્યું, "મારે તારું જીવન જોઈએ છે. મારે તને કાપવું છે."

વાંસે થોડી ક્ષણો વિચાર કર્યો અને પછી પૂછ્યું, "શું તમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી?"

કૃષ્ણએ બોલ્યા, "ના, બીજો કોઈ રસ્તો નથી."

વાંસે કહ્યું, "સારું"

અને એણે પોતાની જાત શ્રીકૃષ્ણને સોંપી દીધી. શ્રીકૃષ્ણએ વાંસને કાપ્યું, ઘસ્યું, આકાર આપ્યો છેલ્લે એમાં કાણાં પાડ્યા. આ દરેક પ્રક્રિયામાં વાંસને બહુ પીડા થતી. તે પીડાથી રડી ઉઠતું.


શ્રીકૃષ્ણએ એમાંથી એક સુંદર વાંસળી બનાવી. એ વાંસળી હંમેશા એમની પાસે જ રહેતી, ચોવીસે કલાક.

વાંસળીને જોઈ ગોપીઓને પણ તેની ઈર્ષા થતી.

એક વાર એમણે વાંસળીને પૂછ્યું, "કૃષ્ણ તો અમારા ભગવાન છે, છતાં પણ અમને એમની સાથે માત્ર થોડો જ સમય રહેવા મળે છે. જ્યારે તને આખો દિવસ એમની સાથે જ રહેવા મળે છે. તેઓ તારી સાથે જાગે છે, તારી સાથે સૂઈ જાય છે, જ્યાં જૂઓ ત્યાં તું એમની સાથે ને સાથે જ. તો આનું રહસ્ય શું છે કે ભગવાનને તું આટલી બધી

Akram Express
July 2016
Year : 8, Issue : 11
Conti. Issue No.: 95

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month



પ્રિય છે?"

વાંસે હસીને જવાબ આપ્યો, "રહસ્ય એટલું જ છે કે, મેં મારી જાતને એમને સોંપી દીધી છે. જાતને સોંપ્યા પછી એમણે મારા માટે જે યોગ્ય હતું, તે મારી સાથે કર્યું. આ પ્રક્રિયામાં મારે ખૂબ પીડામાંથી પસાર થવું પડ્યું. પણ એક વાર જાતને સોંપી એટલે પછી મારે એ જોવાનું રહેતું જ નથી કે તેઓ મારી સાથે આવું કેમ કરે છે? એમને મારી સાથે જ્યારે, જે અને જેવી રીતે કરવું હોય એ કરે. એ જે કરશે એ સંપૂર્ણ મારા માટે કલ્યાણરુપ બની રહેશે એનો મને વિશ્વાસ હતો. આ એ જ શ્રધ્ધાનું ફળ છે કે આજે હું કાયમ એમની પાસે જ હોઉં છું."

## આનો કહેવાય સમર્પણ !

__અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના__

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.